દિવ્યાંગ વ્યક્તિઓનો અધિકાર અધિનિયમ, ૨૦૧૬ની કલમ-૩૩ મુજબ રાજ્ય સરકારના દરેક વિભાગ હેઠળના તમામ સંવર્ગોમાં દિવ્યાંગો માટે જગ્યાઓ સુનિશ્ચિત (Identify) કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
પરિપત્ર ક્રમાંક:અપગ/૧૧૨૦૨૦/૪૭૩૬૨/છ-૧(પાર્ટ-૪),
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૧૮/૦૮/૨૦૨૧.

વંચાણે લીધા:

(૧) દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકારના જાહેરનામા નં. 16 – 15/2010-DD.III, તા.૨૯/૦૭/૨૦૧૩.
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની તજજ્ઞ સમિતિની તા.૨૮/૦૩/૨૦૧૪ તથા તા.૧૯/૦૪/૨૦૧૪ના રોજ યોજાયેલ બેઠકોની સંયુક્ત કાર્યવાહી નોંધ.
(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૨/૧૨/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક:અપગ/૧૦૨૦૧૯//છ-૧.
(૪) દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકારના જાહેરનામા નં. 38-16/2020-DD-III, તા. ૦૪/૦૧/૨૦૨૧.
(૫) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળની તજજ્ઞ સમિતિની તા૨૯/૦૭/૨૦૨૧ના રોજ યોજાયેલ બેઠકની કાર્યવાહી નોંધ.

પ્રસ્તાવના:-

ભારત સરકારે વિકલાંગ ધારો-૧૯૯૫ના સ્થાને દિવ્યાંગ વ્યક્તિઓનો અધિકાર અધિનિયમ, ૨૦૧૬ અમલી કરેલ છે. દિવ્યાંગ વ્યક્તિઓનો અધિકાર અધિનિયમ, ૨૦૧૬ની કલમ-૩૩(૧)ની જોગવાઇ મુજબ દરેક સંવર્ગમાં દિવ્યાંગ અનામત અન્વયે ક્યા પ્રકારની દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓ ફરજ બજાવી શકે તે સુનિશ્ચિત (Identify) કરવાનું રહે છે. આ માટે દિવ્યાંગ વ્યક્તિઓનો અધિકાર અધિનિયમ, ૨૦૧૬ની કલમ-૩૩(૨) મુજબ ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૩) આગળના ઠરાવથી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતા હેઠળ પેટા તજજ્ઞ સમિતિની રચના કરવામાં આવેલ છે.

રાજ્ય સરકાર હસ્તકના જે સંવર્ગોનો ભારત સરકારના ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૧) આગળના જાહેરનામામાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ હોય તેવા સંવર્ગોની મુક્તિ કે કેટેગરીમાં ફેરફાર કરવાની દરખાસ્ત વિભાગ હેઠળની તજજ્ઞ સમિતિને નહિ મોકલતા જાહેરનામામાં જણાવ્યા મુજબ અમલ કરવા ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૨) આગળની તજજ્ઞ સમિતિની બેઠકની કાર્યવાહી નોંધથી મંજૂરી આપવામાં આવેલ છે. હવે, દિવ્યાંગ વ્યક્તિઓનો અધિકાર અધિનિયમ, ૨૦૧૬ મુજબ ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૪) આગળના જાહેરનામાથી ભારત સરકારે તેના હસ્તકના સંવર્ગો માટે કઇ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ અરજી કરી શકે તે નવેસરથી નક્કી કરેલ છે. જેને રાજ્ય સરકારના સંવર્ગો માટે પણ માન્ય રાખવા ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૫) આગળની વિભાગની તજજ્ઞ સમિતિની બેઠકની કાર્યવાહી નોંધથી મંજૂરી આપવામાં આવેલ છે. જે ધ્યાનમાં લઇને નીચે મુજબની સૂચનાઓ આથી પરિપત્રિત કરવામાં આવે છે.

## પરિપત્ર:-

1) ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ના જાહેરનામામાં જે સંવર્ગોની દિવ્યાંગતા નક્કી થયેલ છે તે સંવર્ગો સાથે જે તે વિભાગના સંવર્ગો સામ્યતા ધરાવતા હોય તો તેવા સંવર્ગો માટે ભારત સરકારે નક્કી કરેલ દિવ્યાંગતાને માન્ય ગણવાની રહેશે. આ માટે જે તે વિભાગના સચિવશ્રીએ પોતાની કક્ષાએથી હુકમો બહાર પાડવાના રહેશે. જેની નકલ આ વિભાગને મોકલી આપવાની રહેશે.

2) જે સંવર્ગોનો ઉક્ત જાહેરનામામાં ઉલ્લેખ થયેલ ના હોય અથવા તો વિભાગ જે તે સંવર્ગ માટે ભારત સરકારે નક્કી કરેલ તમામ દિવ્યાંગતા સંબધિત જગ્યાની કામગીરીને ધ્યાને લઇ સ્વીકારી શકે તેમ ન હોય તો તેવા કેસમાં સંબધિત જગ્યાની કામગીરીનો પ્રકાર (Job Chart) ધ્યાને લઇ ભારત સરકારે નક્કી કરેલ દિવ્યાંગતામાંથી મુક્તિ મેળવવા અથવા દિવ્યાંગતાની કેટેગરી અલગ રીતે નક્કી કરવા વાજબી કારણો અને આધાર સહિતની દરખાસ્ત નિયત કરેલા પત્રક મુજબ આ વિભાગની પેટા તજજ્ઞ સમિતિને રજૂ કરવાની રહેશે.

3) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩-૧૨-૨૦૦૪ના પરિપત્ર ક્રમાંક:પવસ-૧૦૯૬-મુમ-૧૩/ગ-૪થી જે સંવર્ગોમાં સંખ્યાબળ (Cadre Strength) ફક્ત એક જ છે, તેવા સંવર્ગોમાં અનામત રાખવાની રહેતી નથી. જે ધ્યાનમાં લઇને આવા કેસમાં દિવ્યાંગો માટે પણ અનામત રાખવાની રહેશે નહિ. પરંતુ, દિવ્યાંગ વ્યક્તિ આવી જગા પર બિન-અનામત કેટેગરીમાં અરજી કરી શકશે. આ માટે કેવા પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ બિન અનામત કેટેગરીમાં અરજી કરી શકશે તે ભારત સરકારના ઉક્ત જાહેરનામાના આધારે જે તે વહીવટી વિભાગે નક્કી કરવાનું રહેશે.

4) ભારત સરકાર દ્વારા વિકલાંગ ધારા-૧૯૯૫ને સ્થાને દિવ્યાંગ વ્યક્તિઓનો અધિકાર અધિનિયમ, ૨૦૧૬ અમલી કરેલ હોવાથી આ કાયદાની કલમ-૩૩(૧) મુજબ, દરેક સંવર્ગ માટે દિવ્યાંગતાના પ્રકાર સુનિશ્ચિત (Identify) કરવા અંગેના ઠરાવો સમયસર કરવામાં આવે તથા ભરતી પ્રક્રિયામાં દિવ્યાંગ વ્યક્તિઓનો અધિકાર અધિનિયમ, ૨૦૧૬ની જોગવાઇ મુજબ દિવ્યાંગો માટે જગ્યાઓ સુનિશ્ચિત કરવામાં આવે તેની જવાબદારી જે તે વહીવટી વિભાગની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.પી.પટેલ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

*૧. સચિવશ્રી, ગુજરાત વિધાનસભા કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
*૨. સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
*૩. સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
*૪. સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
૫. અધિક મુખ્ય સચિવશ્રી,(સા.ન્યા.)ના અંગત મદદનીશ તરફ જાણ સારુ.
૬. કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના, વિંગ ડી-૧, બ્લોક નં. ૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
૭. સચિવાલયના સર્વે વિભાગોને તેઓના નિયંત્રણ હેઠળના તમામ ખાતા/કચેરીને પરિપત્રિત કરવાની વિનંતી સહ.
૮. નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૯. નિયામકશ્રી, અ.જા.ક./વિ.જા.ક., બ્લોક નં.૪, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૧૦. સર્વે શાખાઓ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, બ્લોક નં.૫, ૯મો માળ, સચિવાલય, ગાંધીનગર.
૧૧. સિસ્ટમ મેનેજરશ્રી, કો-સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, બ્લોક નં.૫, ૯મો માળ, સચિવાલય, ગાંધીનગર. તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
૧૨. સિલેકટ ફાઇલ-૨૦૨૧.

(* પત્ર દ્વારા )